


સપ્ટેમ્બર-૨૦૧૨
પાટીદાર સૌરભ
ત્રિવાર્ષિક લવાજમ રૂા.૩૦૦
સાક્રીના શાંતાબેન
ઠગ મહિલાને
ભારે પડયાં.....!
દયાપર પાંચાડામાં
સુધારાનો ઝંડો ઉપાડનાર
સ્વ. નારણ રૈયા લીંબાણી
આગ પર અક્ષર લખીએ
નીલેશ પટેલ
નીલેશ પટેલના
પ્રથમ ગઝલ સંગ્રહનું
વિમોચન
કચ્છમાં
અછતમાં પણ
ભાદરવાના ભૂસાકા!


realpatidar.com
સપ્ટેમ્બર-૨૦૧૨
પાટીદાર સૌરભ
ત્રિવાર્ષિક લવાજમ રૂ.૩૦૦
સાક્રીના શાંતાબેન
ઠગ મહિલાને
ભારે પડયાં.....!
દયાપર પાંચાડામાં
સુધારાનો ઝંડો ઉપાડનાર
સ્વ. નારણ રૈયા લીંબાણી
આગ પર અક્ષર લખીએ
નીલેશ પટેલ
નીલેશ પટેલના
પ્રથમ ગઝલ સંગ્રહનું
વિમોચન
કચ્છમાં
અછતમાં પણ
ભાદરવાના ભૂસાકા!
realpatidar.com

2012-09 -Patidar Saurabh (1397)

Dayapar #History - Narayan Raiya Limbani

પ્રપંચી પીરાણા પંથને તિલાંજલી આપી સનાતન ધર્મ અંગિકાર કરનાર કચ્છ રાજ્યનું પ્રથમ ક્રાંતિકારી ગામ...


દયાપર

આપણા સમાજમાં ધાર્મિક ક્ષેત્રે જ્યારે સુધારાની હવા ફૂંકાઈ રહી હતી અને જ્ઞાતિસુધારક નારાયણજી રામજી લીંબાણી જેવા આગેવાનો જ્યારે સમગ્ર સમાજમાં ઘૂમી વળી જ્ઞાતિજનોને પાખંડી પીરાણા ધર્મને તિલાંજલી આપવા વિનવી રહ્યા હતા ત્યારે લખપત તાલુકાના દયાપરના કણબી ભાઈઓએ સૌ પ્રથમ પીરાણાના પાખંડી ધર્મને તજી દઈ, શુદ્ધ સનાતન વૈદિક ધર્મ અંગિકાર કર્યો હતો.

સં. ૧૯૭૯ના પ્રથમ જેઠ સુદ-૫ સોમવારે દયાપરના ૧૬૧ ભાઈ-બહેનોએ પીરાણાને તિલાંજલી આપી વૈદિક ધર્મ અંગીકાર કર્યો તે વખતની સમાજની પરિસ્થિતિ અને દયાપરના ભાઈઓની હિંમત અંગે જ્ઞાતિ સુધારક નારાયણજી રામજી લીંબાણીએ કરેલ વર્ણન વાંચવા માત્રથી જ આપણા રૂંવાડાં ઉભા થઈ જાય છે...

❖❖

સં.૧૯૭૯ના પ્રથમ જેઠ સુદ-૫ સોમવારે ગામ દયાપરમાં કણબી ભાઈઓએ પીરાણાના પાખંડી ધર્મને તજી દઈ, શુદ્ધ સનાતન વૈદિક ધર્મ અંગીકાર કર્યો છે. આ દયાપર ગામના ભાઈઓ તેમજ બહેનોની જાહેર હિંમતની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. આ ગામ પીરાણા પંથમાં એટલું તો આગળ વધેલું કે કઈ ઘડીએ મુસલમાન થઈ જઈએ. કેટલાક ભાઈઓ તો સુન્નત કરાવવા પણ તૈયાર થયેલા, પરંતુ જ્ઞાતિ સુધારકો તરફના રીપોર્ટથી આ ગામના કેટલાક ભાઈઓની આંખો ઉઘડેલી. નેવું નેવું વરસની વયોવૃદ્ધ માતાઓને મેં પૂછયું કે તમો શું સમજીને દેહ શુદ્ધ પ્રાયશ્ચિત કરાવો છો? ત્યારે તેઓએ પવિત્રપણે જે જે જવાબો આપેલા તે સાંભળી હૃદયમાં ઘણો જ આનંદ થયેલો. પરમાત્માની પૂર્ણ કૃપા માની, શરૂઆતમાં ગામ દયાપરના આગેવાન પટેલોએ અમારી સાથે પત્ર વહેવાર કરેલો. લગ્ન પ્રસંગે અમો શરૂઆતના જનોઈવાળા તરીકે ઓળખાતા ભાઈઓ ગયા વૈશાખ મહિનામાં દેશમાં આવેલા ત્યારે, એક ડેપ્યુટેશન ગામ દયાપરના ભાઈઓનું અમારી પાસે આવેલું ત્યારે અમારામાંના ઘણા ભાઈઓએ તેમનું આ સાહસ નભી શકશે કે કેમ તેના અનેક પ્રશ્નો પૂછ્યા, છેવટે દયાપર વાસી ભાઈઓની અડગ શ્રદ્ધા જોઈ અમેં પણ સંમતિ આપી. અને છેવટે પ્રથમ જેઠ સુદ-૫ સોમવારે સાં.૧૯૭૯ના દિવસે દેહશુદ્ધ પ્રાયશ્ચિતનો દિવસ નક્કી કર્યો તે પ્રમાણે શુદ્ધીના સર્વ સાધનો દયાપરવાસી ભાઈએ તૈયાર કર્યા. એટલું જ નહીં, પણ સ્વામીનારાયણ ધર્મ પાળતી અમારી જ્ઞાતિ સમસ્તને આમંત્રણ કર્યું. તદુપરાંત લખપત બંદરથી વૈવટદાર, ફોજદાર તેમજ સંભવિત ગૃહસ્થોને પણ આ કાર્યમાં ભાગ લેવાને આમંત્રણ કર્યું.



જ્ઞાતિ સુધારક અને સમાજસેવી
સ્વ. નારણ રૈયા લીંબાણી

માતાજીના મઢથી રા.રા. જટાશંકર કાળીદાસ તથા તેમના ચિ.ને પણ ખાસ બોલાવેલા અને મોટી ધામધૂમથી ગઢશીશાવાળા સુવિખ્યાત પંડિત પારાશર શર્માના હાથે તેમજ બીજા અન્ય બ્રાહ્મણોને બોલાવી એક મોટો યજ્ઞ કરી દેહશુદ્ધી પ્રાયશ્ચિત કરાવ્યું, તે વખતનો દેખાવ કંઈ અલૌકિકજ હતો. દયાપર ગામમાં હજુ થોડો ભાગ પીરાણાપંથી છે, તેણે આ કાર્ય નિર્વિઘ્ને પાર ન ઉતારવા દેવાનો અથાગ પ્રયત્ન કરેલો. પરંતુ તેમાં તે ફાવ્યા નહીં, વિરુદ્ધ પારટી તરીકે પીરાણા ધર્મનું રક્ષણ કરનારામાં મુખ્ય ભાગ ભાઈશ્રી ખેતશી સોમજી ભગતે જ ભવ્યો હતો. છતાં એ ભાઈએ પણ તનતોડ મહેનત કરી. આ ઓછવ મંગળને વધારે સારો ન દેખાય અથવા તેમાં ફાટફુટ પાડી શકાય એવા હેતુથી દયાપરને લગતા આઠ ગામના કણબી ભાઈઓને શુદ્ધીના દિવસે ગામ દયાપરમાં બોલાવેલાં અને તેઓએ પણ શુદ્ધીવાળા ભાઈઓની માફક મિસ્ટાન ભોજન કરી આઠે ગામના લોકોને જમાડેલા, પરંતુ અધિકારી વર્ગ હાજર હોવાથી કોઈ પ્રકારે તુફાન કરી શક્યા નહીં. પરંતુ શુદ્ધીના કાર્યમાં વિરુદ્ધ પારટીનો આનંદ પણ સમાઈ ગયો અને જયજયકાર થઈ રહ્યો. આ કાર્યમાં રા.રા. મગનલાલભાઈ લખપતવાળા તેમજ ફોજદાર સાહેબ બાપાલાલ સીંધી, ઈન્સ્પેક્ટર સાહેબ તથા રા.રા. જટાશંકર કાલીદાસ માતાજીના મઢવાળા જેઓ કણબી જ્ઞાતિ સુધારકોને ચાહનારા તેમજ તેઓને દરેક રીતે સહાનુભૂતિ આપનારા મુરબ્બીઓની હાજરી ઘણી જ ઉપયોગી

ક્ષત્રિય કુળની એ દેવીઓને વંદન...

બહેનોની હિંમત અને હૃદયશક્તિના પ્રભાવ આગળ ધીરતા અને સહનશીલતા માટેના વીર નરોના ગુમાન પણ ગળી જાય તેમ હતું. મારા હૃદયને એ વચનોથી બહુજ ઉંડી અસર થઈ. કેટલીક બહેનોએ દૃઢ હિંમતથી એ વખતે કહ્યું કે : "ભાઈ ! તમારે ઠંડી સલાહ આપવાની કાંઈ જરૂર નથી. અમે તો સતપંથ પાળનારા અમારા માવિત્રો, કુટુંબીઓ, સગાસંબંધીઓ, સહુને છેલ્લી વારના મળી ભેટી આવ્યા છીએ. હવે તો એમના મનથી અમે મરી ગયા છીએ. પાપી પંથ પાળનારા સાથે હવે અમને કશો સંબંધ ન જ છાજે. માટે અમને હવે તો એક જ આરે ઉતારો. આ ચાર દિવસો પણ અમે તો એટલા માટે જ રાખ્યા છે કે, જેઠ સુદી-પાંચમને દિવસે તમે પ્રાયશ્ચિત કરાવીને પાવન થયા હતા. અમને પણ એજ દહાડે છાંટો નાખીને પાવન કરો. એવો સારો માંગલિક દિવસ ન જવા દેવો એટલા માટે જ આ ચાર દિવસની પણ અમે તો ઢીલ કરીએ છીએ. નહીં તો એક ઘડીએ ઢીલ કરવાનું અમને હવે ગમતું નથી. ભાઈ ! તમે હવે અમને મજબૂત બનાવી, સીધે રસ્તે ચઢાવીને હિંમતથી સહન કરવાનું જ શીખવો અને ક્ષત્રિયને શોભે એવું પાણી ચઢાવી, તમારી લીધેલી ટેક પુરી કરો. તમારે અમારી તો જરાયે ચિંતા ન કરવી. અમે તો પીરાણા સતપંથનો છેડો ફાડી જ બેઠા છીએ." આવા ઉદાર, પ્રેમાળ, પવિત્ર છતાંય દૃઢતા ભર્યા ઉદ્ગારો તે પણ ભોળી અશિક્ષિત ક્ષત્રિ બહેનોને મુખે સાંભળીને મારું હૃદય દ્રવી જાય, તેમાં નવાઈ શું ! કચ્છના કણબી સિવાય બીજા કોઈ હૃદયને એ સોનેરી શબ્દોની ખરી કિંમત સમજાય તેમ નથી, કારણ કે મારા જેવા એક રંકભાઈની પ્રેરણાથી પવિત્ર વેદધર્મને માટે, એ મોટા મનની બહેનોએ એ દિવસે પોતાના માબાપનો, પોતાના સગા ભાઈ-ભાડું, બહેન-બનેવીઓનો અરે પોતાની પેટની સગીપુત્રીઓ કે માતાઓનો સદાને માટે ત્યાગ અને અસહકાર કરવા તત્પર થઈ હતી. એ એજ ક્ષત્રિય કુળની દેવીઓ હતી, જેમણે એક વખત આગલા જમાનામાં સ્વધર્મરક્ષા માટે આકરાં જાહેરવ્રત સ્વીકારીને ભડભડ બળતી ચિતાઓમાં પોતાના કનકની કાન્તિવાળા સુકોમળ દેહ હોંશેથી હોમી દીધા હતા. તેઓ એજ કુળની દેવીઓ હતી, જેમણે આગલા જમાનામાં અનેક વખત ધર્મને માટે હળાહળ ઝેરના પણ પ્રેમથી પાન કર્યા હતા ! ખરેખર ધર્મની મોટાઈ આગળ શુદ્ધ આર્યાની નજરમાં આ સ્વપ્ના જેવા નાશવંત જગત્ કે તુચ્છ જીવનની કંઈપણ કિંમત જ નથી. જ્યાં સુધી આવી પ્રબળ હૃદયની પવિત્ર અબળાઓ આ હડહડતા જડવાદી કલિયુગમાં પણ અમારી જ્ઞાતિને ખોળે પાકે છે, ત્યાં સુધી મને સંપૂર્ણ શ્રદ્ધા છે કે એક તો શું પણ એવા હજારો પીરાણા સતપંથ જેવા પણ આપણા પવિત્ર હિંદુધર્મને કોઈ કાળે ડુબાવી શકશે નહિ જ. માત્ર એટલું જ નહીં પણ આવા અમૂલ્ય રત્નો ઉત્પન્ન કરનારી ધર્મવીર ક્ષત્રિય જાતિને પોતાની જાળમાં તેઓ સદાને માટે ફસાવી રાખી શકશે નહિ જ.

લિ. નારણ રામજી લીંબાણી

હતી. આ અરસામાં ગામ દયાપરમાં જ્ઞાતિની એકાદ બે સભા પણ મળેલી અને તે સભામાં શુદ્ધીવાળા ભાઈઓ તેમજ બહેનોને કોઈ પણ પ્રકારે પીરાણાપંથી ભાઈઓ સાથે અથડામણમાં ન આવવું પડે. તેમ શાંતિ જાળવવા માટે ખાસ બોધ કરવામાં આવેલો. તેમાં જટાશંકરભાઈનું ખાસ ભાષણ મનન કરવા લાયક હતું. ગઢશીશાવાળા પ્રખ્યાત પંડિત પારાશર શર્મના બોધદાયક વ્યાખ્યાને જ્ઞાતિ ભાઈઓ તેમજ મહાજન વર્ગના ભાઈઓને સારી અસર કરી હતી. છેવટે આનંદ આનંદ વચ્ચે ૧૬૧ ભાઈ-બહેનોએ દેહશુદ્ધી પ્રાયશ્ચિત કરેલું.

વિક્રમ સંવત ૧૯૭૯ના પ્રથમ જેઠ સુદી પાંચમના માંગલિક દિવસે અસાધારણ સમારોહ અને ઠાઠમાઠથી મોટું સરઘસ કાઢી, યજ્ઞ-હોમ-દેવપૂજન પૂર્વક વેદવિધિએ દેહશુદ્ધી પ્રાયશ્ચિત કરાવીને, એક મુહૂર્તે એકસો ત્રેસઠ ભાઈ-બહેનોને પરમપવિત્ર સનાતન વેદધર્મને અંગીકાર કર્યો. એ પવિત્ર આનંદ ઉત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવાને અમારી જ્ઞાતિના સ્વામીનારાયણ સંપ્રદાયવાળા બંધુઓનો મોટો સમુદાય, દયાપુરવાસી સુધારકવર્ગના આમંત્રણને માન આપી, સાથે જોડાયો હતો. કચ્છ દેશના અનેક વિદ્વાન પંડિત બ્રાહ્મણો શુદ્ધીના પરિકાર્ય તેમજ સંસ્કાર વિધિ કરાવવાને ત્યાં પધાર્યા હતા. તદુપરાંત લખપત બંદરથી વહીવટદાર સાહેબ, ફોજદાર વિગેરે પોતાના સ્ટાફ સહિત ત્યાં સાલહશાંતિ જાળવવાના હેતુથી પધારેલા, તેમણે પણ એ શુભ કાર્યમાં ઉત્સાહથી ભાગ લીધો. માતાજીના મઢથી સનાતન ધર્માગ્રહી રા.રા. જટાશંકર કાલીદાસભાઈએ પોતાના સુપુત્ર સહિત પધારેલા હતા અને આસપાસના ઘણા ગામોમાંથી ઈતર હિન્દુ જાતિના કેટલાક સંભવિત ગૃહસ્થો પણ, ખાસ આમંત્રણોથી પધારેલ હોવાથી, દેખાવ બહુ જ અલૌકિક બની રહ્યો હતો.

પીરાણા સતપંથી આગેવાનોએ આ કાર્યમાં વિઘ્નો ઉભા કરવા માટે, તનતોડ પરાક્રમો કર્યા હતા. કેટલાક અમલદારોના મન મનાવી, તેમને અમારી વિરુદ્ધ ઉશ્કેરી આ સત્કાર્યમાં દખલ ઉભી કરવાને તેમણે બોલાવ્યા હતા. ઉત્સવના ઉત્તમ દૃશ્યને ઝાંખપ લગાડવા તેમજ અમારી જાતિમાં અંદર અંદર ફુટ પડાવવા માટે, આસપાસના આઠ ગામોના કણબી ભાઈઓને નોતરી, તેમને હજારોનો ખર્ચે મિષ્ઠાન ભોજન આપી, પવિત્ર ધર્મકાર્ય વિરુદ્ધ જબ્બર ઉશ્કેરણી કરવાની બહુ બહુ વેતરણ કીધી. પરંતુ ઉદાર અધિકારી વર્ગની વિશાળ હાજરી તેમજ મજબુત દેખરેખ આગળ એ અજ્ઞાન સતપંથીઓનું કંઈ ચાલ્યું નહીં અને અપૂર્વ આનંદ તેમજ વેદભગવાનના જયઘોષ વચ્ચે સંસ્કારનું પવિત્ર કાર્ય સફળતાથી ઉજવી મિષ્ઠાન ભોજન, દાન, દક્ષિણા વિગેરે વિધિઓ કરી સમાપ્ત કરીને નિર્વિઘ્ને એ માંગલિક મહોત્સવને અમર કર્યો.

સંવત ૧૯૭૯ જેઠ સુદ-૫ને તા.૨૦-૫-૧૯૨૩ રવિવારના શુભ દિવસે દેહ શુદ્ધી પ્રાયશ્ચિત કરાવી સનાતન વૈદિક ધર્મનો સ્વીકાર કરનાર તરફથી કચ્છ રાજ્યમાં પાટીદારમાં પ્રથમ સત્યનારાયણ ભગવાનની પાન મૂર્તિ દયાપર ગામના પટેલ જેઠાબાપા મૈયાતના ઘરે (અત્યારે સ્વામીનારાયણ મંદિરની બાજુનું ઘર) રાખી તેમની પૂજા વિધિની જવાબદારી શ્રીમાન અંબાલાલ ધનજી ત્રિપાઠીને સોંપવામાં આવી.

કાળ ક્રમે આગળના થોડા સમયમાં દેહ શુદ્ધી પ્રાયશ્ચિત કરાવનાર પરિવારની સંખ્યા વધતી ગઈ અને વડીલોને મંદિર બનાવવાનો વિચાર આવ્યો.

સંવત ૧૯૮૫ કારતક સુદ-૧ને તા.૧૩-૧૧-૧૯૨૮ના દિવસે ગામના મુખ્ય ચોકમાં મંદિર બનાવવાની શરૂઆત કરી. મૂળ મંદિર બનાવવા માટે જમીન પટેલ રામજી હીરા વાડીયા - પટેલ પચાણ હીરા વાડીયા, પટેલ કરશન નારણ વાડીયા ત્રણે વાડીયા પરિવાર પાસે જમીન લઈ તે મંદિર બાંધકામની જવાબદારી ડાયા રૈયા લીંબાણી, નારણ રૈયા લીંબાણી, રામજી વસ્તા લીંબાણીને સોંપવામાં આવી. ગામ લોકો તેમજ બહારની આર્થિક મદદથી તે સમયે ૨૦૦ કોરીમાં નવું મંદિર તૈયાર થયું.

ભગવાન સત્યનારાયણની મૂર્તિ તે સમયે પાકિસ્તાનના સીંધ પ્રાંતથી બનાવી અને કરાચી બંદરથી લખપત બંદરે આવી તે અઢી ફુટની ઉંચાઈની મૂર્તિ ગામના વડીલો તેમજ યુવાનો જમીન ઉપર ન મૂકતા કાવડથી દયાપર સુધી લાવ્યા.

બાંધકામ સમિતિની ધગશ અને ગામ લોકોના ઉત્સાહને લઈ ધર્મ બાબતમાં મંદિર ન બનાવવાનો ઘણો જ વિરોધ અને અડચણ પાર કરી મંદિર તૈયાર કર્યું. સંવત ૧૯૮૫ વૈશાખ વદ-૧૧ તા.૩-૬-

દયાપરના જ્ઞાતિ સુધારક અને સમાજસેવી

સ્વ. નારાયણ રૈયા લીંબાણી

જ્ઞાતિ સુધારક નારાયણજી રામજી લીંબાણીના વિચારોથી પ્રભાવિત થઈ પીરાણાના ખીચડીયા પંથને તિલાંજલી આપવામાં દયાપર ગામે પહેલ કરી, આ બાબતમાં કચ્છ રાજ્યમાં પહેલ કરવાનું શ્રેય મેળવેલ તે ઐતિહાસિક ઘટના પાછળ દયાપરના નારાણ રૈયા લીંબાણી અને તેમના સાથી મિત્રોનું પણ મોટું યોગદાન રહ્યું છે.

દયાપરના સ્વ. નારાયણ રૈયા લીંબાણી સિંધ-હૈદ્રાબાદમાં રોડ-મકાન બાંધકામના કોન્ટ્રાક્ટર તરીકે કામ કરેલ. ઈ.સ.૧૯૨૦-૨૧માં મુંબઈ-ઘાટકોપર રહેતા. અખિલ ભારતીય સમાજના પ્રથમ પ્રમુખ શિવદાસ કાનજી નાકરાણી સાથે મકાન બાંધવાના કામ કરતા.

ઈ.સ.૧૯૩૧માં દાદર પશ્ચિમમાં જગા લઈ સિમેન્ટની જાળી - મોઝેક ટાઈલ્સનું કારખાનું 'સ્પ્રીંગ કોન્ક્રીટ વર્કસ' ઉભું કર્યું. તે જગ્યા નારાયણ બાપાના નામથી નારાયણપુરી તરીકે ઓળખાતી. કચ્છમાંથી પહેલા વહેલા આવતા આપણી સમાજના ભાઈઓને ત્યાં આશરો ને માર્ગદર્શન મળતું.

ઈ.સ.૧૯૫૨માં કોલ્હાપુરમાં તિલક સો મીલ અને સીમેન્ટ ક્રોકીટના પાઈપ બનાવવાનું કારખાનું શ્રી સરસ્વતી ક્રોંકીટ વર્કસ ચાલુ કર્યું. લઘુ ઉદ્યોગ ક્ષેત્રે મહારાષ્ટ્ર રાજ્ય તથા આપણી સમાજમાં પહેલ વહેલું સિમેન્ટ પાઈપ બનાવવાનો ઉદ્યોગ શરૂ કરેલો.

દયાપરમાં ધર્મ પરિવર્તનમાં આગળ પડતો ભાગ લઈ સત્યનારાયણનું મંદિર ઉભું કરવામાં અને દયાપરના વિકાસ કાર્યોમાં અગ્ર ભાગ લીધો હતો. દોલતપરના લક્ષ્મીનારાયણ મંદિરના નિર્માણ પાછળ પણ તેમણે આગળ પડતો ભાગ લીધો હતો.

દયાપર સમાજમાં સામાજિક વાદ-વિવાદના પ્રસંગોમાં મહત્ત્વનો ભાગ લઈ સમાધાનના પ્રયત્નો કર્યા હતા. પોલીસ પટેલ તરીકે પણ થોડો સમય સેવા આપી હતી.

કરાંચીમાં બીજી પરિષદ ૧૯૨૨ ઓગષ્ટમાં ભરાણી ત્યારે મુંબઈથી દરીયાઈ માર્ગે જઈ પરિષદમાં ભાગ લીધો હતો અને ત્યાંથી આવ્યા બાદ દયાપરમાં ધર્મ સુધારણાનો ઝંડો ઉપાડ્યો હતો.

જુલાઈ, ૧૯૭૦માં કોલ્હાપુર ખાતે તેમનું દેહાવસાન થયું હતું.

૧૯૨૯ સોમવારના શુભ દિવસે શ્રી સત્યનારાણય ભગવાનની આરસની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. કચ્છ રાજ્યમાં પાટીદારોમાં આ પ્રથમ સત્યનારાયણ ભગવાનનું મંદિર હતું. મૂર્તિ પ્રતિષ્ઠામાં આચાર્ય કોઠારાના ભટ્ટ મૂળજી વાલજીએ ભુજના પ્રાણ જીવન શાસ્ત્રી દ્વારા યજમાન પટેલ નારણ રૈયા લીંબાણીના વરદ હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી.

પ્રાણ પ્રતિષ્ઠામાં હાજર રહેલ જ્ઞાતિ હિત ચિંતકોના નામ

નારાણ રામજી લીંબાણી - મોટી વિરાણી
નારાણ શીવજી નાકરાણી - મોટી વિરાણી
લધા વિશ્રામ - મોટી વિરાણી
રતનશી ખીમજી દીવાણી - મોટી વિરાણી
લખુ ડોસા પોકાર - નખત્રાણા વાળા
પેથા ડોસા પોકાર - નખત્રાણા વાળા
મૂળજી ડોસો પોકાર - નખત્રાણા વાળા
દાના કરસન પાંચાણી - નખત્રાણા વાળા
હરજીભાઈ રામાણી - નખત્રાણા વાળા

ઉપર મુજબના પાટીદાર આગેવાનોની હાજરીમાં દયાપરના મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવી અને મંદિરની પૂજા વિધિની જવાબદારી શ્રીમાન અંબાલાલ ધનજી ત્રિપાઠીને સોંપવામાં આવી.

ત્યારબાદ દયાપર ગામની બાજુમાં પશ્ચિમ બાજુ આવેલ કોરાનગર વસ્તી વિહોણું થતા ત્યાંથી શ્રી કલ્યાણેશ્વર મહાદેવ પાસેના ઠાકર મંદિરેથી ચત્ર ભૂજરાય ભગવાન તેમજ મોરલી મનોહર ભગવાનની (પંચ) ધાતુની મૂર્તિ દયાપર સત્યનારાયણ ભગવાનના મંદિરમાં સંવત ૧૯૮૫માં જેઠ વદ-૧૩ તા.૫-૭-૧૯૨૯ શુક્રવારના દિવસે કોઠારાના ભટ્ટ મૂળજી વાલજીના આચાર્ય પદે પ્રતિષ્ઠા કરવામાં આવી.

સત્યનારાયણ ભગવાનનું મંદિર નિર્માણ કરવામાં દયાપરના જે કોઈ ભાઈ-બહેનોએ શારીરિક, આર્થિક, માનસિક જે કાંઈ યોગદાન આપ્યું હોય તેમજ દયાપરથી બહારના આપણી સમાજના તેમજ સમાજથી બહારના ભાઈઓ જેવા કે લખપતવાળા ઠક્કર હંસરાજ ટલુ પરિવાર તેમજ નાનો-મોટો જે કોઈએ પણ પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર આપ્યો હોય તેમનો સમાજ વતી આભાર. તેમજ તેમના સદ્કાર્યને સમાજવતી વંદન કરીએ છીએ.

ત્યારબાદ નારાણ રામજી લીંબાણી (મોટી વિરાણીવાળા) તેમજ તેમના સાથી જ્ઞાતિ હિતચિંતકોની પ્રેરણા અને દયાપર ગામના નારાણ રૈયા લીંબાણી, કાનજી કેશરા પારસીયા, ડાહ્યા રૈયા લીંબાણી, રામજી વસ્તા લીંબાણી તેમજ તેમના સાથી મિત્રોના પ્રયાસથી દયાપર તેમજ આજુબાજુના ગામોમાં સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ચાલુ રાખતા બહુ જ સારી સફળતા મળી તેથી સત્યનારાયણ કડવા પાટીદાર સમાજની સંખ્યા ઉત્તરોત્તર વધતી ગઈ. તેથી વડીલોને સમાજવાડી બનાવવાનો વિચાર આવ્યો. તેના માટે મંદિરની બાજુમાં અને મુખ્ય ચોકની પાસેની જમીન પ્રેમજી હીરજી વાડીયા, રણમલ ડાહ્યા પારસીયા અને કરશન કાનજી મૈયાત પાસેથી જમીન લીધી અને થોડા સમય પછી બાંધકામની શરૂઆત કરી. બાંધકામની જવાબદારી રામજી વસ્તા લીંબાણી, ધનજી મેઘજી નાથાણી, શીવજી અખઈ લીંબાણીને સોંપવામાં આવી. બાંધકામના ખર્ચને પહોંચી વળવા માટે ગામમાંથી તેમજ મુંબઈ વસતા દયાપરના ભાઈઓ પાસેથી ફાળો લેવા બાંધકામ સમિતિના ભાઈઓ ગયેલા. પ્રથમ બાંધકામ મંદિરની સામે ડબલ માળનો મેડો છે તેનું કર્યું. ત્યારબાદ પૂર્વ દક્ષિણ બાજુનું બાંધકામ કર્યું તે કામ ઈ.સ.૧૯૫૫-૫૮ દરમ્યાન સગવડતા પ્રમાણે કર્યું. સને ૧૯૬૫માં આ સંસ્થા સરકારી દફતરે રજીસ્ટર કરવામાં આવેલ.

દયાપર ગામના દરેક પાટીદાર પરિવાર પીરાણા સતપંથ ધર્મને તીલાંજલી આપી સનાતન હિન્દુ વૈદિક ધર્મનો અંગીકાર કર્યો તે દયાપર ગામ માટે તેમજ દરેક પાટીદાર માટે બહુ જ ગર્વ લેવા જેવી બાબત હતી.

❖

સંવત ૧૯૭૯ અષાઢ સુદ-૩ને સોમવાર તા.૧૬-૭-૧૯૨૩ના દિવસે દયાપરના ભાઈઓએ ઘાટકોપર મુંબઈ ખાતે દેહશુદ્ધી પ્રાયશ્ચિત કરાવ્યું

૧. નારાણ રૈયા લીંબાણી
૨. કાનજી કેશરા પારસીયા
૩. રામજી હીરા લીંબાણી
૪. સોમજી ભીમજી કેશરાણી
૫. ધનજી નારણ લખાણી (પોકાર)
૬. હીરજી સામજી વાડીયા

ત્યાર પછી પાનેલીમાં રા.રા. જટાશંકર કાલીદાસ મડવાળાની સાહેતાથી અને જ્ઞાતિ હિતેચ્છું મણીશંકર અંબાલાલ ત્રિપાઠીના હાથે સંવત ૧૯૭૯ આસો સુદ-૬ (વિજયા દશમી) શુક્રવારના શુભ દિવસે દયાપરના ભાઈ-બહેનોએ દેહ શુદ્ધી કરી.

૧. માવજી ભીમજી દીવાણી
૨. સૌ. વાલબાઈ માવજી દીવાણી
૩. રામજી માવજી દીવાણી
૪. રતનશી માવજી દીવાણી
૫. કાનજી લાલજી નાકરાણી
૬. સૌ. ધનબાઈ કાનજી નાકરાણી
૭. વિશ્રામ કાનજી નાકરાણી
૮. પૂરબાઈ કાનજી નાકરાણી
૯. જાનબાઈ હીરજી દાના પારસીયા

ત્યારબાદ સંવત ૧૯૮૦ કારતક સુદ-૨ શનિવાર તા.૧૦-૧૧-૧૯૨૩ના શુભ દિવસે દયાપર ખાતે જોષી નારાણજી ગોકળજીના હાથે દેહશુદ્ધી પ્રાયશ્ચિત દયાપરના ભાઈએ કરાવેલ.

૧. મુખી અરજણ રામજી લીંબાણી
૨. હીરજી દાના પારસીયા
૩. કરમશી દેવજી બાથાણી (ખીરસરાથી)

PATIDAR SAURABH (Monthly)

Regd. No. GKCH / 88-A / 2012 - 2014
RNI No. GUJGUJ / 2001 / 6356



Printed, Published and owned by Neeta Patel and printed at Allied Offset, Gomtipur - Ahmmedabad and Published at Nakhatrana (Kachchh). Editor : C.K. Patel.

Sweta Offset Pvt. Ltd. Ph.: 22940375